## વાત ગાંધીનગરની

રવિવાર એટલે શહેરમાં સુમસામ. સામાન્યઃ રવિવારે સામાજિક, સાંસ્કૃતિક, પ્રવૃતિઓનો ધમધમાટ હોય પરંતુ કોરોનાના પ્રતાપે આ પ્રવૃતિ ઉપર પણ પડદો પડ્યો છે એટલે સૌ પોતપોતાના ઘરમાં રવિવાર પોતાના પરિવારની સાથે માણે છે.

**પાટનગરને પરમાત્માનો પક્ષપાત**

આખા રાજ્યમાં મેઘરાજા ધોધમાર વરસી રહ્યા છે. એમાં સમાચાર જોઈએ અને વાંચીએ ત્યારે એમ થાય કે ગાંધીનગરે શુ ગુન્હો કર્યો. ગાંધીનગરને ભાગે માત્ર ઉકળાટ જ ઉકળાટ. છેક માણસામાં કે કલોલમાં વરસાદ પડે પણ ગાંધીનગરને હાથતાળી આપી વાદળો વિખેરાઈ જાય. છેલ્લા દસ દિવસથી ગાંધીનગર માટેના બધા જ વર્તારા ખોટા પડતા જાય છે. વરસાદના વિરહમાં પાટનગરવાસીઓના હાલ બેહાલ છે. હવે વરસો તો સારૂ.

**ગુરૂપૂર્ણિમાએ ભાજપ સંતો-મહંતોના દ્વારે**

ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણીના ભાગરૂપે મહાનગર ભાજપ દ્વારા દરેક વોર્ડના નગરસેવકો અને સંગઠનના હોદ્દેદારોએ સાથે મળીને સંબંધિત વોર્ડના મંદિરો-દેરાસરોમાં પહોંચી સ્થાનિક સંતો-મહંતોના આશિર્વાદ મેળવ્યા હતા. કોરોનાની તમામ આચારસંહિતાના અમલ માટે સમગ્ર ઉજવણીનુ વિકેન્દ્રિકરણનો વિચાર અભિનવ બન્યો હતો. મહાનગર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ અને મેયર રીટાબેન પટેલે પોત પોતાના વોર્ડમાં આવેલા મંદિરોના દ્વારે પહોંચી સંતો-મહંતોના આશિર્વાદ મેળવ્યા હતા.

**કોરોના પણ એક ગુરૂ તો ખરોને...**

જીવતરમાં પાઠ શીખવનાર સો ગુરૂઓનો ઋણ વ્યક્ત કરવાના પર્વ ગુરૂપૂર્ણિમાએ કોરોનાનુ સ્થાન પણ છે જ. જેને જીવનના ઘણા પાઠ ચાર મહિનામાં શીખવ્યા છે. પદ અને પ્રતિષ્ઠાનો અહંકાર, બહારનુ જ ખાવા-પીવાનો બેફામ શોખ, ભીડ ભેગી કરવાનો મનસુબો, મુલાકાતોના અતિરેક, દેશ-વિદેશમાં ફરવાના ફાંકા અને અનિયમિત જીવનશૈલીને એક જ ઝાટકે શિષ્ટમય બનાવનાર કોરોનાએ પરિવાર પરત્વેનો પ્રમ પણ વધાર્યો છે. જીવનની આચારસંહિતાનો પ્રત્યક્ષ અને પરોક્ષ અનુપાલન કરાવવામાં કોરોનાનુ યોગદાન ક્યારેય વિસરી શકાય એમ નથી. એને ગુરૂસ્થાને મુકીએ કે ન મુકીએ પણ એણે જીવનમાં અનેક પાઠ ચૂપચાપ શીખવી દીધા છે. જે સદીઓ સુધી ઈતિહાસના પાને આલેખાશે.

**શહેરના સ્વાદ શોખીનોને ભારે ઝાટકો**

શહેરના ખાણી-પીણી બજારમાં આગવી ઓળખ ધરાવતા બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ છેલ્લા એક મહિનામાં ટપોટપ બંધ થવા માંડ્યા છે. કાફે કોફીથી લઈ માતા રાની ધાબા સુધીની હોટલ-રેસ્ટોરન્ટ નોંધપાત્ર સંખ્યામાં બંધ થઈ રહ્યાં છે. ખાસ કરીને કુડાસણ, સરગાસણ અને ઈન્ફોસીટી સુપર મોલમાં ઉંચા ભાડા સાથે આરંભાયેલી આ બ્રાન્ડેડ રેસ્ટોરન્ટે અનેક તડકી છાંયડીઓ પસાર કરી પરંતુ કોરોનાના વાવાઝોડાને ટક્કર ન આપી શકી. ચાર-ચાર મહિના સુધી મોંઘાદાટ ભાડા અને ફર્નિચરના ખર્ચા અને રોકાણના વ્યાજખાધમાં ભારે નુકસાનને પગલે જાગ્યા ત્યારથી સવારને અમલમાં મુકી સંચાલકોએ તેને બંધ કરવાના નિર્ણય લેવા પડ્યા છે. ગાંધીનગરના સ્વાદ શોખીનો માટે કોરોનાનો આ સૌથી મોટો ઝાટકો છે. ક્યારે ફરી ગાંધીનગર એવી રોનક આવશે એ તો સમય જ કહી શકશે.

**અને છેલ્લે...**

પાટનગરમાં આજે એટલે કે સોમવારે ભારે ધમધમાટ જોવા મળશે. બેરોજગાર યુવાનોની રેલી અને એલઆરડી મુદ્દે આંદોલનને પગલે સત્યાગ્રહ છાવણી પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. શહેરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

# અનલોક-૨માં કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો

### તંત્ર આગામી દિવસોમાં સંક્રમણ અટકાવવા આકરા પગલાં, આક્રમકતા સાથે લેવાના મૂડમાં

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોનું સંક્રમણ વધતાં તંત્ર દ્વારા આકરા પગલાંઓ સાથે આગળ વધવાની નવી વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. અનલોક-૨ ના પ્રથમ સપ્તાહમાં જ જિલ્લામાં કેસોની સંખ્યા ૧૦૦ ને પાર કરી ગઈ છે.

તંત્રએ ફાસ્ટ ટ્રેકીંગ અને ફાસ્ટ હોસ્પિટલાઈઝેશન ઉપરાંત સઘન સર્વેલન્સની વ્યુહરચનાની સાથે અનલોકની હાલની સ્થિતિમાં ક્વોરોન્ટાઈનના કડક અમલીકરણ માટે પણ મન બનાવ્યુ છે.

આ માટે કન્ટેનમેન્ટ ઝોન જે માઈક્રો છે તેમાં કડક અમલીકરણ પર વિશેષ ભાર મુકવામાં આવશે. કોવિડ-૧૯ ના સંક્રમણને નાથવા માટે તંત્ર દ્વારા માસ્ક ફરજીયાતના અમલીકરણ સામે અને સોશિયલ ડિસ્ટન્સીંગ ન જાળવતા લોકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે અને તેના સારા પરિણામો ધીમી ગતિએ મળતા થયા છે તેવો તંત્રનો દાવો છે.

જિલ્લામાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી તંત્ર ચિંતીત બન્યુ છે. મળતી આધારભુત વિગતો પ્રમાણે તંત્ર દ્વારા મળેલા કેસો અંગે એક વિશ્લેષણની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં કો.મોર્બિડ દર્દીઓની સંખ્યા કેટલી તેમજ કોરોનાના કેસો કેટલા તેઓ કેવી રીતે સંક્રમિત થયા તે બધી જ બાબતોને આવરી લેવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે અને જે રીતે ડેથ રેટ નોંધાઈ રહ્યો છે તેને લઈ તંત્રએ આખુ વિશ્લેષણ કરવાનું નક્કી કર્યુ છે. જિલ્લામાં નોંધાયેલા મૃત્યુઓમાં કો-મોર્બિડ દર્દીઓની સંખ્યા વધુ જણાઈ હોવાનું હાલનું પ્રાથમિક તારણ નીકળ્યુ છે.

જો કે તંત્રએ આગામી દિવસોમાં વધુ આક્રમકતા સાથે આ સંક્રમણને અટકાવવા માટે મન બનાવી લીધુ હોવાનું તંત્રના વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

લોકોમાં સંક્રમણનો અટકાવવા માટે જાગૃતિ આવે તેના પર પણ આગામી દિવસોમાં ભાર મુકવામાં આવશે અને એક અભિયાન હાથ ધરવામાં આવશે તેવા સંકેતો આ સૂત્રો આપી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં હાલ ૨૦ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ છે

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવ નોંધાયેલા દર્દીઓમાં ૪૦ જેટલા દર્દીઓને હોમ આઈસોલેશનમાં રહેવાની તંત્રએ મંજૂરી આપી છે. જો કે તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ૨૦ જેટલા જ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. જો કે ૨૦ દર્દીઓ સંપૂર્ણ રિકવર થતાં તેમને હોમ આઈસોલેશનમાંથી મુક્તિ આપવામાં આવી છે. હોમ આઈસોલેશનની મંજૂરી સાથે તંત્રએ હવે શહેરના વિવિધ સેક્ટરોમાં પણ સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી છે એટલુ જ નહિ શંકાસ્પદ જણાતા દર્દીઓના નમૂના મેળવી અને તેનુ પરીક્ષણ પણ વધારવામાં આવ્યુ છે.

## જિલ્લામાં ૧૭ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોનાના કેસોને પગલે આજે ૧૭,૨૧૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ લોકો કલોલમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે આજ સુધીમાં કરાયેલા ક્વોરોન્ટાઈનમાં સૌથી વધુ છે. મળતી વિગતો પ્રમાણે ૧૭,૧૬૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે જ્યારે ૮ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે જ્યારે ૩૪ લોકોને પ્રાયવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૧૯ કેસ કોરોનાના નોંધાયા છે. જેમાં ગાંધીનગર અને કલોલ તાલુકામાં આ કેસો ૨૦૦ ના આંકને પાર કરી ચુક્યા છે. માણસા અને દહેગામ વિસ્તારમાં પ્રમાણમાં ઓછા કેસે નોંધાયા છે. ગાંધીનગર તાલુકો અને કલોલ તાલુકાના લોકોનો વ્યવહાર અમદાવાદ સાથે વધુ રહેતો હોવાને કારણે આ બે તાલુકામાં કેસોની સંખ્યા વધી છે. ગાંધીનગરમાં પણ કુડાસણ, વાવોલ, પેથાપુર, સુઘડ, ભાટ, કોટેશ્વર, રાયસણ, રાંદેસણ જેવા ગામોમાં વધુ કેસ મળી આવ્યા છે જે નોંધનીય છે. આ ગામો એ શહેરના વિકાસની સાથે સાથે જ ઝડપથી વિકાસ પામી રહ્યા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ

### ગાંધીનગરમાં ૬, કલોલમાં ૪, માણસામાં ૧ કેસ : કલોલ ભાજપના અગ્રણી કોરોનામાં સપડાતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૧ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી આજે ૬ કેસ, કલોલમાંથી ૪ અને માણસામાંથી ૧ કેસ મળી આવેલ છે. માણસા અર્બન વિસ્તારમાંથી આજે એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. માણસા અર્બનમાં ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. તંત્રએ અર્બન વિસ્તારમાં સઘન સર્વેલન્સ અંગે તાકીદ કરી છે.

કલોલમાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે જયારે બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. આજે મળેલા કેસોમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

કલોલ શહેરમાં નોંધાયેલા બે કેસમાં એક કેસ ભાજપના અગ્રણીનો છે. આ અગ્રણી અગાઉ વિધાનસભાનો ચૂંટણી જંગ લડી ચુક્યા છે. સામાજિક આગેવાન તરીકે પણ તેઓ સમગ્ર કલોલ પંથકમાં એક આગવી ઓળખ ધરાવે છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ અર્બનમાંથી મળેલા બન્ને દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ તાલુકાના ચાંદીસણા ગામેથી એક ૭૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૨૩૫ પર પહોંચી છે.

**આજે શહેરમાં સે.૪-એ, ૧૨બી, ૧૩બી અને ૨૨માંથી કેસ મળી આવ્યા**

આજે શહેરમાં સે. ૪, સે. ૧૨-બી, ૧૩-બી અને સે. ૨૨ માંથી કેસ મળી આવ્યા છે. કોરોનાના કેસો રોજ નવા નવા વિસ્તારોમાંથી મળતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

સેક્ટર-૧૨-બી માંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા ગત માસના અંતિમ દિવસોમાં બે વખત અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં તેણીનીના કામ માટે ગઈ હોવાનું જાણવા મળેલ છે.

આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલાના પરિવારના સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન પણ કરી દેવામાં આવ્યા છે.

સે. ૧૩-બી માં રહેતા અને અમદાવાદના આશ્રમરોડ પર આયુર્વેદ દવાખાનુ

● અનુસંધાન પાન-૭ પર

## એસ.ટી. ડેપોમાં સો દિવસના અંતે ટીકીટ રીઝર્વેશન કાઉન્ટર શરૂ કરાયુ

### કોરોનાની મહામારીના લીધે છેલ્લા ત્રણ મહીનાથી વધુ સમયથી કાઉન્ટર બંધ હતુ : મુસાફરોને હવે લાંબા અંતરના રૂટ માટે ટીકીટ બુકીંગ કરવાનુ સરળ બનશે

ગાંધીનગર તા ૫

કોરોનાની વૈશ્વિક મહામારીના લીધે સમગ્ર દેશમાં છેલ્લા ૧૦૦ દિવસથી મોટાભાગની તમામ સેવાઓ બંધ રહી હતી. જયારે હવ અનલોક ટુના અમલથી ધીમે ધીમે બાકી રહેતી સેવાઓ પણ તબક્કાવાર શરૂ કરવામાં આવી રહી છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં હજુ શહેરી બસ સેવા બંધ છે. જયારે હવે ડેપો સંકુલમાં એસ ટી તંત્ર દ્વારા રીઝર્વેશન કાઉન્ટર શરૂ કરી દેવાયુ છે. જેના લીધે મુસાફરોએ ઓનલાઈન બુકીંગ કરવા સહીત લાંબા અંતરની બસ સેવા માટે ટીકીટ રીઝર્વેશન કરવાની પ્રક્રીયા સરળ બનશે.

કોરાનાની મહામારીના લીધે છેલ્લા સો દિવસથી શહેરી બસ સેવા બંધ છે. જયારે અનલોક ટુ ના અંતે તબક્કાવાર બસસેવાનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. હવે ગીતા મંદિર બસ સ્ટેન્ડથી પણ લાંબા અંતરની બસો શરૂ કરી દેવામાં આવી છે. જયારે ગાંધીનગર એસ ટી ડેપોમાંથી પ્રાથમકિ તબક્કે પોઈન્ટની બસ સેવા શરૂ થયા બાદ ઉત્તર ગુજરાતના રૂટની બસો પણ દોડતી થઈ ગઈ છે. જયારે ગઈકાલથી સૌરાષ્ટ્ર તરફના લાંબા અંતરમાં પણ એકપ્રેસ બસો દોડતી કરાઈ છે. ત્યારે એસ ટી ડેપોમાં ૧૦૦ દિવસના અંતે રીઝર્વેશન કાઉન્ટર પણ શરૂ કરાયુ છે. એસ ટી બસ ડેપોમાં ઓનલાઈન બુકીંગ કરવા માટે રીઝર્વેશન સેન્ટર કાર્યરત છે. શનિવારથી આ કાઉન્ટર શરૂ કરી દેવાતા હવે મુસાફરો લાંબા અંતરની મુસાફરી માટે રીઝર્વેશન સરળતાથી કરાવી શકશે આ માટે ડેપોમાં સ્થિત કાઉન્ટર પર સેવા શરૂ કરી દેવામાં આવી છે. જો કે હજુ ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવાનુ ઠેકાણુ પડયુ નથી.આગામી દિવસોમાં આ બસ સેવા પણ શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે.

## શહેરમાં સરકારની ગાઈડલાઈન મુજબ જ ગણેશ ઉત્સવ ઉજવાશે

### મનોરંજનના કાર્યક્રમો ન યોજવા પરંતુ માત્ર પુજા અર્ચના સાથે જ સમિતિ ગણેશોત્સવની ઉજવણી કરશે : ગણેશોત્સવની બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા

ગાંધીનગર તા ૫

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા શહેરમાં છેલ્લા ૫૦ વર્ષથી ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે સતત ૫૧ માં વર્ષે ગણેશોત્સવની ઉજવણી અન્વયે સરકારની ગાઈડલાઈન મુજબ કાર્યક્રમ યોજાશે. ગણેશોત્સવ અંતર્ગત યોજાયેલી બેઠકમાં સમિતિના હોદેદારોએ આ અંગે સર્વાનુમતે નિર્ણય લીધો છે.

શહેરમાં કોરોનાના કહેર વચ્ચે અનલોક ૨ ના પ્રારંભે હાલ વેપાર ધંધાની ગાડી પાટા પર ચઢી રહી છે. જયારે હજુ પણ છેલ્લા ૧૦૦ દિવસથી વધુ સમયના અંતે નગરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સદંતર બંધ છે. ત્યારે ગત દિવસોમાં આવતા તહેવારોમાં મંદિરો પણ બંધ રહેતા નાગરિકોએ રામનવમી, હનુમાન જયંતિ સહીતના તહેવારોની પણ ઘરમાં જ પુજા અર્ચના કરીને ઉજવણી કરી હતી. જયારે શહેરમાં દર અષાઢી બીજના રોજ નિકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ પર્વ પણ પ્રતિકાત્મક રીતે ઉજવાયુ હતુ. જયારે આગામી દિવસોમાં ગણેશોત્સવની ઉજવણી કરવા માટે પણ આયોજકો અત્યારથી કઈ રીતે આયોજન કરવુ તે અંગે વિચારણા કરી રહ્યા છે. જો કે ગણેશ ચર્તુથીને હજુ ઘણીવાર છે. પરંતુ ગણેશોત્સવના આયોજનની બેઠક ગઈકાલે સરકીટ હાઉસ ખાતે મળી હતી. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અને નગરના અગ્રણી અરૂણ બુચ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, શૈલેષ પવાર સહીતના આગેવાનોની હાજરીમાં મળેલી બેઠક દરમિયાન ગણેશોત્સવની ઉજવણી અન્વયે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

ગત વર્ષે ગોલ્ડન જયુબિલી વર્ષ નિમિત્તે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા મહોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જયારે આ વર્ષે કોરોનાની મહામારીના લીધે મનોરંજક કાર્યક્રમો નહીં યોજવા તેમજ માત્ર પુજા અર્ચના સાથે જ મહોત્સવની ઉજવણી કરવા માટે પણ બેઠક દરમિયાન સર્વ સામાન્ય વિચાર રજુ થયો હતો. બેઠક દરમિયાન આગામી ત્રણ વર્ષ માટે મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે નિશિત વ્યાસની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી.



શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું - સોમવારે બેરોજગારોની રેલી સંદર્ભે સત્યાગ્રહ છાવણી અને આસપાસના વિસ્તારમાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવવા ગાંધીનગર રેન્જની ૧૫૦૦થી વધુ પોલીસ ખડકાઈ છે... એલઆરડી ભરતી મામલે બાકી ઉમેદવારોનો સત્યાગ્રહ પણ સોમવારથી આરંભાય છે... કોરોનાના કહેર વચ્ચે ચાર મહિના બાદ પાટનગરમાં મોટા આંદોલનની પ્રથમ ઘટના હશે... પોલીસની ગાડીઓ, વૉટર કેનન, અટકાયતી દેખાવકારોને લઈ જવા માટે એસ.ટી. બસોનો કાફલો સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીનો અહેસાસ કરાવે છે...

## સચિવાલય સેવા સંવર્ગની કેડર શિડ્યુલ્ડનો રિવ્યુ કરાશે

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકાર દ્વારા સચિવાલય સેવા વર્ગ-૧ સંવર્ગના કેડરને રિશિડ્યુલ્ડ કરવા અંગેની વિચારણા હાથ ધરવામાં આવી છે.

સરકારના સામાન્ય વહીવટ વિભાગે આ અંગે દરેક વિભાગને એક પત્ર પાઠવી તેમના તાબાની કચેરીમાં સંયુક્ત સચિવ, અધિક સચિવ, નાયબ સચિવ, ઉપ સચિવ સંવર્ગનું કેડર શિડ્યુલ્ડ નવેસરથી નિયત કરવા માંગે છે.

આથી મંજૂર થયેલ જગ્યા, ભરાયેલી જગ્યા, ખાલી જગ્યા, વર્કલોડ તેમજ કાયમી અને હંગામી જગ્યાઓ કેટલી, કઈ-કઈ જગ્યાઓ ચાલુ રાખવા પાત્ર છે તે સહિતનો વિગતવાર અહેવાલ માંગતા સચિવાલય સંકુલમાં આ અંગે કર્મચારીઓ અને અધિકારીઓમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે. જો કે સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર આ કોઈ નવી વિચારણા નથી પરંતુ દર દસ વર્ષે આવી સમીક્ષા થતી જ હોય છે. જો કે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી કેડર શિડ્યુલ્ડને લઈ કોઈ જ વિચારણા હાથ નથી ધરાઈ. આ ઉપરાંત રાજયમાં વધતા જતા વસ્તીના ભારણ, સેવાઓના વ્યાપ વિગેરેને ધ્યાને લઈ આ કેડર શિડ્યુલ્ડની સમીક્ષા થતી હોય છે.

રાજયના પોલીસતંત્ર, મહેસુલીતંત્રમાં, પંચાયતી રાજમાં તો આવી સમીક્ષા થઈ જ નથી જ્યારે રાજ્યમાં વસ્તી વધારો જે થયો છે તે બાબતને પણ ધ્યાને લેવાઈ નથી.

## સભ્યપદને લઈ વિકાસના કામો રૂંધવાની વાત યોગ્ય નહિ : કુબેરજી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્યસભાને લઈ વિપક્ષના નેતા કુબરેજી ગોલે આજે એક વાતચીતમાં જણાવ્યું છે કે સભ્યપદનો નિર્ણય સરકારે કરવાનો છે તે તેને કરવા દો.

આપણનો પ્રજાએ મત વિકાસ માટે આપ્યા છે. વિકાસ માટે કોંગ્રેસ કટિબધ્ધ છે. સૌને સાથે રાખી ચાલવાના અભિગમ આવકાર્ય છે. તેમણે કહ્યું કે સત્તા પ્રાપ્તિ એ લક્ષ્ય ના હોવું જોઈએ. પણ પ્રજાહિતને અગ્રતા આપે એ જ પંચાયતી રાજનું મૂળ છે.

પંચાયતી રાજય વ્યવસ્થા સંપૂર્ણ પારદર્શક રીતે ગુજરાતમાં અમલી છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે સામાન્ય સભાના એજન્ડામાં વિકાસના કામો અને વિકાસના કામો માટેની ગ્રાન્ટ આપવાની બાબત દર્શાવવામાં આવી છે. આને લઈ પ્રતિષ્ઠાનો મુદ્દો ના બનાવવો જોઈએ.

તાલુકામાં લોકડાઉનના સમય પછી વિકાસ માટે તંત્ર અને ચૂંટાયેલી પાંખ સક્રિય થતી હોય તો સૌએ સહયોગ આપવો જોઈએ તેવું મારું સ્પષ્ટ માનવું છે. કામોને મંજૂરી મળશે તો ગરીબોને રોજી પ્રાપ્ત થશે આપણે એ બાબતને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com